**નામદાર એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, લેબર કોર્ટ, અમદાવાદ સમક્ષ.**

**ફોજદારી કેસ(સી.સી.) નં.**૯૫૩૧?/૯૮

**ફરીયાદી :-** સરકારશ્રી, કારખાના નિરીક્ષકશ્રી,
અમદાવાદ

**વિરુધ્ધ**

**આરોપી :-** જીતીભાઈ શંકર પટેલ
પાર્શ્વ ડુપ્લેક્સ કોમ્પ્લેક્ષ,
બાપુનગર, અમદાવાદ

**બાબત:-** ક્રી.પ્રો.કો.ની કલમ-૩૨૧ અન્વયે હાલનો કેસ પરત ખેંચવા પરવાનગી આપવા બાબત.

અમો નીચે સહી કરનાર ફરીયાદ પક્ષ તરફે નમ્ર અરજ કે હાલનો કેસ ડોરમેન્ટ ફાઈલ ઉપર છે અને જે કેસ તથા બીજા અન્ય કેસો આજની લોક અદાલતમાં પરત ખેંચવા માનનીય કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદની કચેરીએ તેમના તા.૨૫/૦૨/૨૦૨૨ ના પત્ર ક્રમાંક:ડીસી/ સીટીઝેડ/ઈન્ડ. એન્ડ લેબર કોર્ટ/લોકઅદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૨૨ મુજબ હુકમ કરેલ છે. આ કેસમાં લાંબા સમયથી આરોપીને સમન્સ/વોરન્ટ બજતા નથી અને સમરી ટ્રાયલનો કેસ હોય, માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હુકમ મુજબ ક્રી. પ્રો.કો.ની કલમ-૩૨૧ મુજબ હાલનો કેસ પરત ખેંચવાની પરવાનગી આપવા વિનંતી છે.

P.A.Patel
....................
ફરીયાદ પક્ષે

અમદાવાદ.
તા.૧૨-૦૩-૨૦૨૨

---

**<u>ફરીયાદ પક્ષની ક્રિ.પ્રો.કોડની ક.૩૨૧ અન્વયે કેસ પરત ખેંચવાની પરવાનગી અરજી તળે હુકમ</u>**

ફરીયાદ પક્ષ તરફથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૨૧ અન્વયે હાલનો કેસ પરત ખેંચવાની પુરસીસ તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો તા.૨૫/૦૨/૨૦૨૨ ના રોજના હુકમ ક્રમાંક નં.ડીસી/સીટીઝેડ/ ઈન્ડ. એન્ડ લેબર કોર્ટ/લોકઅદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૨૨ નો તથા કેસ પેપર્સ વંચાણે લીધા તેમજ હાલનો કેસ એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાંથી ટ્રાન્સફર થઈને અત્રેની કોર્ટમાં આવેલ છે હાલનો કેસ ખુબજ જુનો છે હાલના કેસમાં લાંબા સમયથી આરોપીને સમન્સ/વોરન્ટ બજેલ નથી. રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવવાની શકયતા નથી, આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણીજ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફિકટીવ ફોજદારી કેસો તથા સીવીલ કેસોની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ઘ્યાન આપી શકાતુ ન હોય આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય અને ઈફિકટીવ કેસ તરફ પુરતુ ઘ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વાજબી અને ન્યાયોચિત જણાય છે. આવા સંજોગોમાં કિ.પ્રો. કોડની કલમ-૩૨૧ અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હુકમ મુજબ ફરીયાદ પક્ષને હાલનો કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. હાલના કેસમાં આરોપીને ઉપરોકત ગુનામાં ડીસ્ચાર્જ કરવા હુકમ કરવામાં આવે છે અને તે મુજબ કેસ ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૨ માર્ચ, ૨૦૨૨ ના રોજ સ્પે.સીટીગમાં જાહેર કર્યો.

(ડી.એચ.ખંભાતી) ૧૨/૩/૨૦૨૨
એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ(સી.ડી.), લેબર કોર્ટ,
અમદાવાદ, કોડ નં.જીજે૦૦૮૬૬

તા. ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ: અમદાવાદ.